**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૯.૨ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૧ ટકા ● સાંજે ૨૩ ટકા

# રેલ્વે ફાટકની મરામતને પગલે ક-૭ થી રાંધેજા તરફ જવાનો માર્ગ બંધ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના ક-૭ થી રાંધેજા તરફ જવાનો માર્ગ તંત્ર દ્વારા બંધ કરી દેવામાં આવ્યો છે. આ માર્ગ પર હોટલ ઘુંઘટ પાસે આવતા રેલ્વે ફાટકની મરામતનુ કામ ચાલતુ હોવાથી માર્ગ બંધ કરવામાં આવ્યો છે. જેથી તંત્ર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી છે.

જેમાં ક-૭ થી ખ-૭, ઘ-૭ અને પેથાપુર ચોકડી થઈને રાંધેજા તરફ જવું. જયારે માણસા, મહેસાણા તરફથી આવતા વાહન ચાલકોને પણ ગાંધીનગર આવવા માટે રાંધેજા ચોકડી થી પેથાપુર ચોકડી થઈને ઘ-૭ થી શહેરમાં પ્રવેશ મેળવી શકાય છે. આ માર્ગ પર ટ્રાફિકમાં અડચણ ઉભી ના થાય તે માટે વાહન ચાલકો અને શહેરના નાગરીકોએ સાથ સહકાર આપવા માટે ટ્રાફિક વિભાગ દ્વારા અપીલ કરાઈ છે.




ગાંધીનગરની ઓળખ સમા બગીચાઓનું રીનોવેશન થઈ રહ્યું છે. વસાહતીઓ તેને આવકારી રહ્યા છે. પરંતુ જુના બગીચાની કેટલીક સગવડો છીનવાઈ જતાં વસાહતીઓમાં નારાજગી પણ જોવા મળી રહી છે. સેકટર-પના જાહેર બગીચામાં સિનિયર સિટિઝનો માટે બાંકડા મુકવામાં આવ્યા હતા. આ બાંકડાઓ પર વડીલોની સવાર-સાંજ ગોઠડી જામતી હતી. પરંતુ બગીચાના રીનોવેશનમાં આ બાંકડા બગીચાની બહાર ફેંકી દેવાયા છે. વસાહત મંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલા અને ઘનશ્યામસિંહ ગોલે વડીલો માટેના બાંકડા પુનઃ બગીચામાં ગોઠવવા રજુઆત કરી છે.



ગાંધીનગરના કોબા નજીક એક કાર ત્રણ પલટી મારી જતાં ત્રણ મિત્રોને સામાન્ય ઈજા થઈ હતી. સેક્ટર-૬માં રહેતો યુવાન કાર ચલાવી રહ્યો હોવાનુ જાણવા મળ્યુ છે. ત્રણ કિશોર પૈકી એક કિશોર કોઈના બાઈક ઉપર બેસીને સ્થળ ઉપરથી નીકળી ગયો હોવાનું સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યું હતું. જ્યારે કારનો ખુરદો બોલાઈ ગયો હતો.

# સે-૭ ચૌધરી કોલેજ ખાતે દિવ્યાંગજનો માટે ઉદ્યોગ સાહસિકતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના જે.ડી.પટેલ પ્રગતિ ફાઉન્ડેશન સહયોગથી ભાટ ખાતેની ભારતીય ઉદ્યોગસાહસિકતા સંસ્થાન ભાટના ઉપક્રમે આજે સેક્ટર-૭માં ચૌધરી મહિલા કોલેજ ખાતે દિવ્યાંગજનોમાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસ માટે ઉદ્યોગ સાહસિકતા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો હેતુ દિવ્યાંજનોને કાયમી રોજગારી અથવા સ્વરોજગાર મળે તે માટે ઉદ્યોગ સાહસિકો તૈયાર કરવાનો હતો.



ઉદ્યોગ સાહસિકતા જાગૃતિ કાર્યક્રમમાં ગુજરાત વિકલાંગ(દિવ્યાંગ) નાણા અને આર્થિક વિકાસ નિગમના મેનેજીંગ ડીરેક્ટર આર.એન. કુચારાએ મુખ્ય અતિથિ તરીકે હાજર રહી દિવ્યાંગોને માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. આ પ્રસંગે ઈડીઆઈના નોડલ ઓફીસર અમિત દ્વીવેદી, પ્રોજેક્ટ ડાયરેક્ટર પ્રકાશ સોલંકી, જે.ડી.પટેલ પ્રગતિ ફાઉન્ડેશનના સંસ્થાપક પ્રમુખ અનુપ પરીખ, વિશેષ એજ્યુકેશન સેન્ટરના એકેડેમિક નિયામક દીપાલી ઉપાધ્યાય અને પ્રિન્સીપાલ ચિરાગ ઉપાધ્યાય અને એકતા પટેલે દિવ્યાંગોને ઉદ્યોગો સ્થાપવામાં પડતી મુશ્કેલીઓ અને નિવારણ અંગે માર્ગદર્શન આપી ઉદ્યોગસાહસિક બનવા માટે પ્રોત્સાહન પુરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં ૫૦ જેટલા દિવ્યાંગોએ હાજર રહ્યાં હતા. ઈડીઆઈના જણાવ્યા અનુસાર રાજ્યમાં આ પ્રકારનો પ્રથમ કાર્યક્રમ યોજવાનું બહુમાન જે.ડી.પટેલ પ્રગતિ ફાઉન્ડેશન સંસ્થાએ મેળવ્યું છે.

# બીસીએ કોલેજમાં ‘લર્ન એન્ડ ફન વિથ એરોબિક્સ’નું આયોજન

ગાંધીનગર, તા.૬

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી. પી. કોલેજ ઓફ કોમ્પુટર સ્ટડીઝ- બી.સી.એ. અને એસ. વી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ, ગાંધીનગર દ્વારા કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ માટે ‘લર્ન એન્ડ ફન વિથ એરોબિક્સ’ ઈવેન્ટનું કોલેજના પ્રતિ વર્ષ આયોજિત થતી સ્પોર્ટ્સ એક્ટિવિટી અંતર્ગત આયોજન



કરવામાં આવ્યું હતું. જેમાં વિષય તજગ્ન રૂપે કડી સર્વ વિશ્વવિદ્યાલયની એલડીઆરપી-આઈટીઆરના ફિઝીકલ એજ્યુકેશનના ડાયરેક્ટર લેફ્ટનન્ટ સુશ્રી નોરીન વાઈપનાએ પોતાની ટીમ સાથે વિદ્યાર્થીનીઓને એરોબિક્સની વિવિધ કસરતોનું મહત્વ સમજાવીને વિવિધ **exercises** કરાવી હતી. સાથે સાથે તેઓએ જીવનમાં આવતી તકલીફોનો સામનો કરવા માટે ફિઝીકલ અને મેન્ટલ હેલ્થ સ્ટ્રોંગ બનાવવા પર ભાર મૂક્યો હતો. વિવિધ **exercises** સાથે સાથે તેઓએ અલગ અલગ બિટ્સ પર વિદ્યાર્થિનીઓને એરોબિક્સના વિવિધ સ્ટેપ્સ શિખવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનુ આયોજન કોલેજના ગર્લ્સ સ્પોર્ટ્સ ઈન્ચાર્જસ દ્વારા કોલેજના ડાયરેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૧૧૭ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.

# આઈઆઈટીઈએ ચર્ચા કરવા સમય આપ્યો હોવા છતાં વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરતા કેટલાંક તત્વો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશનમાં ચાલી રહેલી વિદ્યાર્થીઓની હડતાળના સંદર્ભમાં યુનિવર્સિટીએ ખુલાસો કર્યો છે કે કેટલાંક વિદ્યાર્થીઓએ તા. ૪ માર્ચના રોજ સેન્ટર ઓફ એજ્યુકેશનમાં તેમની રજૂઆતોનું આવેદનપત્ર આપ્યું હતું જેને ધ્યાનમાં લઈને તેના પર ત્વરીત કાર્યવાહી કરતા સેન્ટર ઓફ એજ્યુકેશનના આચાર્ય ડૉ. કલ્પેશ પાઠકે લેખિત ઉત્તરમાં વિદ્યાર્થીઓને તેમની રજૂઆતના મુદ્દાને આધારે આગામી તા.૮ અને ૧૦ માર્ચના રોજ ચર્ચા કરવા માટે બોલાવ્યાં છે. વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓએ આ ઉત્તરનો સ્વીકાર કર્યો હોવા છતાં તેમના પ્રશ્નોનો તત્કાળ ઉકેલ લાવવામાં આવે તેવો દુરાગ્રહ રાખીને, શાંતિપૂર્ણ રીતે યોગ્ય પ્રક્રિયાનું પાલન કરીને પ્રશ્નોના નિરાકરણને બદલે અન્ય વિદ્યાર્થીઓ જેમાં ખાસ કરીને વિદ્યાર્થિનીઓ પર દબાણ લાવીને સમગ્ર યુનિવર્સિટીની રોજિંદી કામગીરી તથા અભ્યાસકાર્યમાં અડચણ ઊભી કરી રહ્યા છે. તેઓ ખરા અર્થમાં વિદ્યાર્થીઓના હિતમાં કામ કરનારા પ્રતિનિધિ નથી પરંતુ પોતાના વ્યક્તિગત હિતો માટે અન્ય વિદ્યાર્થીઓનો ઉપયોગ કરી રહ્યા હોવાનું યુનિવર્સિટીએ જણાવતા યુનિવર્સિટી અન્ય વિદ્યાર્થીઓની ખોટી દોરવણી કરીને તેમને ગેરમાર્ગે દોરવાની આ બાબતને ગંભીરતાથી લઈને દોરવણી કરનારા વિદ્યાર્થીઓ સામે શિસ્તભંગ અને કાયદેસરની કાર્યવાહીના પગલાં ભરવાની દિશામાં આગળ વધી રહી છે.

આ સાથે આઈઆઈટીઈ એ બાબતની સ્પષ્ટતા કરે છે કે, હોસ્ટેલમાં પ્રવેશ સમયે જ વિદ્યાર્થીઓને જાણ કરવામાં આવી હતી કે તેમને હોસ્ટેલમાં ભોજનની સુવિધા ઉપલબ્ધ નહીં કરાવી શકાય. આઈઆઈટીઈને સરકાર દ્વારા મળનારી અંદાજે રૂ.૧૨ કરોડની વાર્ષિક ગ્રાન્ટની સામે ગત વર્ષે માત્ર રૂ. ૫.૫ કરોડ અને તાજેતરમાં રજૂ થયેલાં આગામી નાણાકીય વર્ષના અંદાજપત્રમાં પણ લગભગ રૂ. ૫ કરોડની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. આઈઆઈટીઈ પાસે નાણાકીય સંસાધનોની તીવ્ર અછત છે. આમ છતાં, વિદ્યાર્થીઓની રજૂઆતોને ધ્યાનમાં લઈને યુનિવર્સિટીના વ્યવસ્થાતંત્ર દ્વારા સરકારને હોસ્ટેલ નિવાસ, પરિવહન, ભોજન માટેની આવર્તક ગ્રાન્ટ આપવા માટેની દરખાસ્ત કરવામાં આવી રહી છે. હોસ્ટેલની સુવિધા મરજિયાત છે અને સેન્ટર ઓફ એજ્યુકેશનમાં અભ્યાસ કરનારાં ૫૨ ટકા વિદ્યાર્થીઓ હોસ્ટેલ સિવાય રહે છે.

# સ્માર્ટ કિડસ દ્વારા ડ્રાઈવ-થ્રુ દ્વારા બાળકોને ડીગ્રી આપશે




સ્માર્ટ કિડસ સેકટર-૧ દ્વારા કોરોના કાળમાં નર્સરીના બાળકો માટે ઓનલાઈન વર્ગો સાથે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષના અંતે સ્માર્ટ કીડસ દ્વરા બાળકોને ડ્રાઈવ-થ્રુ ડીગ્રી આપવામાં આવશે. ગાંધીનગરમાં પ્રથમવાર જ આ પ્રકારે ડ્રાઈવ-થ્રુ ડીગ્રી એનાયતનો કાર્યક્રમ યોજવામાં આવશે.

સેકટર-૧માં કાર્યરત સ્માર્ટ કિડસ નર્સરી સ્કૂલે કોરોનાકાળમાં બાળકોને અભ્યાસની પ્રવૃત્તિ સહિત ઈતર પ્રવૃત્તિઓ કરાવી હતી. બાળકો ખૂબ જ રસપૂર્વક ઓનલાઈન કલાસીસમાં જોડાયા હતા. તેઓ આર્ટ એન્ડ ક્રાફટની વિવિધ પ્રવૃત્તિઓની સાથે સાથે રેડ ડે, બ્લુ ડે, ફોનીકસ ડે, ગ્રાન્ડ પેરેન્ટસ ડે વગેરેની ઉજવણી કરી હતી. બાળકોનો સર્વાંગી વિકાસ થાય તેવી પ્રવૃત્તિઓ સાથે બાળકોનું શૈક્ષણિક વર્ષ પૂર્ણ થયું છે. વર્ષાન્તે દરેક સ્માર્ટ કીડસને ગ્રેજયુએશન પ્રોગ્રામથી ડીગ્રી એનાયત કરવામાં આવશે. ડ્રાઈવ થ્રુના વિચાર સાથે શાળાને શણગારવામાં આવી છે. આ કાર્યક્રમમાં બાળકો બેન્ડવાજાના હર્ષનાદ સાથે પોતાના માતા-પિતા સાથે શણગારેલી કારમાં જોડાશે અને ડ્રાઈવ-થ્રુ ડીગ્રી મેળવશે. ગાંધીનગરમાં સૌ પ્રથમવાર આ પ્રકારે નર્સરીના બાળકોને ડ્રાઈવ-થ્રુ ડીગ્રી આપવામાં આવશે.

## જન્મદિને વધામણી


ધૈર્ય નિકેશ બ્રહ્મભટ્ટ
મો. ૯૯૧૩૦ ૯૮૬૨૦


સિદ્ધાર્થ રાજેન્દ્ર વાળા
મો. ૯૯૦૯૯ ૯૫૪૨૨


વિવેક મહેશકુમાર પરમાર


વિનય મહેશકુમાર પરમાર


કાવ્યા ભરતભાઈ ગાંગાણી


હરિઓમ ગઢવી

# સમસ્ત જણસારી સમાજની બેઠક ૯મીએ યોજાશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેર અને તાલુકામાં રહેતા સમસ્ત જણસારી, જનક્ષત્રિય અને મોચી સમાજની મિટીંગ આગામી તા. ૯મી માર્ચના રોજ સવારે ૧૦ વાગે જુના સચિવાલય કેન્ટીનની પાસેના બગીચામાં યોજવામાં આવી છે. આ મીટીંગમાં પરિવાર પુસ્તિકા, સ્નેહમિલન, આર્થિક સહયોગ, ઈનામ વિતરણ અને હવે પછીના કાર્યક્રમોની ચર્ચા કરવામાં આવશે.

# સમર્પણ કોલેજ ખાતે થેલેસેમિયા પ્રિવેન્સન કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા.૬

ગુજરાત રેડક્રોસ અને ગાંધીનગર જિલ્લા રેડક્રોસના સંયુકત ઉપક્રમે સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ગાંધીનગર ખાતે થેલેસેયિા પ્રિવેન્સન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ૮૯ લાભાર્થી વિદ્યાર્થીઓએ થેલેસેમિયા ટેસ્ટ કરાવ્યો હતો. કોલેજ તરફથી પ્રિન્સીપાલ ડૉ. દિપકભાઈ પંડયા, એન.એસ.એસ.ના ડૉ. એન.એન. પટેલ, ડૉ. રમીલાબેન પટેલ તથા અન્ય સ્ટાફ મિત્રો જિલ્લા રેડક્રોસ તરફથી ડૉ. હાર્દિક તલાટી, અશ્વિન દવે, એમ.એમ. સોલંકી અને જીલુભા ધાંધલે સેવા પુરી પાડી હતી. ગુજરાત રેડક્રોસની ટેકનીશીયન ટીમ દ્વારા સેમ્પલ એકત્રિત કરવામાં આવ્યા હતા. ‘પ્રયોશા’ સંસ્થાના શ્રીજા લક્ષ્મીબેન જોષી દ્વારા દિકરીઓને રેડ ડોટ ઉપયોગ અને નિકાલની સમજ આપવામાં આવી હતી.

# પદ્ય કવિતા સામયિક દ્વારા કાવ્યલેખન સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૬

‘પદ્ય’ કવિતા સામયિક દ્વારા સોનેટ અને દીર્ઘકાવ્ય લેખનની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સોનેટ માટે ૪૩ અને દીર્ઘકાવ્ય માટે ૪૮ રચનાઓ પ્રાપ્ત થઈ હતી. સોનેટ વિભાગમાં ‘કોરોનાનો કેર’ યોસેફ મેકવાન પ્રથમ ક્રમે, ‘વિરહ ખટકે’ લાલજી કાનપરિયા દ્વિતિય ક્રમે, ‘બત્તી બૂઝાતાં’ મનોહર ત્રિવેદી અને ‘હું ખળભળ્યો ગિરનાર’ જયંત કોરડિયા આશ્વાસન વિજેતા જાહેર થયા હતા. દીર્ઘકાવ્ય વિભાગ માટે ‘એની તો આ વાત છે’ પરેશ દવે પ્રથમ ક્રમે, ‘યજ્ઞ (નાટયોર્મિકાવ્ય)’ વીરુ પુરોહિત દ્વિતિય ક્રમે અને ‘મારે જીવવું છે’ મહેશ ધીમર તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા. ભારતીબેન દેસાઈના આર્થિક સહયોગથી યોજાયેલી આ સ્પર્ધામાં સોનેટ વિભાગ માટે મણિલાલ હ. પટેલ અને દીર્ઘકાવ્ય વિભાગ માટે યજ્ઞેશ દવેએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ઠાકોર લવજીભાઈ પુનાજી
  ઉ.વ. ૭૨, બાલવા, માણસા
- સ્વ. ઠાકોર તખાજી ફુલાજી
  ઉ.વ. ૪૧, પીંડારડા
- સ્વ. રાઠોડ શાંતાબેન ટપુભાઈ
  ઉ.વ. ૯૯, સેકટર-૨૧
- સ્વ. શ્રીમાળી રતિલાલ પુરષોત્તમભાઈ
  ઉ.વ. ૫૨, કોલવડા, હુડકો
- સ્વ. રાવલ કૈલાશબેન જેઠાલાલ
  ઉ.વ. ૯૦, સેકટર-૩૦

# એસ.કે. પટેલ સ્કૂલમાં સ્ટોરી ટેલીંગ સેલિબ્રેશન કરાયું

ગાંધીનગર, તા.૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે. પટેલ સ્કૂલમાં સ્ટોરી ટેલિંગ સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. જેમાં સિનિયરના બાળકોએ



મોરલ સાથે સર મજાની વાર્તા કહી હતી. થર્સ્ટી ક્રો, ડવ એન્ડ ધ એંટ, ટૂ સિલ્લી ગોટ, લાયન એન્ડ ધ માઉસ, ધ અગલી ટ્રી, ગ્રેટ એલિફંટ, ધ મંકી એન્ડ ટૂ કેટસ, ધ હેર એન્ડ ટોર્ટોઈસ, ફિશરમેન, કલાઉડ એન્ડ શન, ટુ ફ્રોગ, બેર એન્ડ ટૂ ફ્રેન્ડ, ગ્રીડી મંકી, ગ્રીડી ડોગ વગેરે જેવી સ્ટોરી કહી હતી તથા જુનીયરના બાળકો પણ હિન્દી તથા ઈંગ્લિશમાં સરસ મજાની સ્ટોરી બોલ્યા હતા. બંદર ઓર ભાલુ, કૌઆ-ખરગોશ ઓર કુઆ, મગરમચ્છ ઓર બંદર, લાલચી કુત્તા, ટોપીવાલા અને ડોગ એન્ડ ધ બોન વગેરે જેવી વાર્તાઓ બાળકોએ કહી હતી.

# શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ડિપ્લોમા દ્વારા કેમ્પસ પ્લેસમેન્ટ યોજાયું




ગાંધીનગર, તા.૬

ગાંધીનગર સ્થિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી - ડિપ્લોમા દ્વારા તેમના ડિપ્લોમા - મિકેનિકલ અને ઈલેક્ટ્રિકલ વિદ્યાર્થીઓ માટે ક્રિષ્ના મારુતિ લિમિટેડ કંપની સાથે કેમ્પસ પ્લેસમેન્ટનું આયોજન તાજેતરમાં કૉલેજ કેમ્પસમાં કરવામાં આવ્યું હતું. ભરતી પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ કુલ ૮ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. આ સફળ કેમ્પસ પ્લેસમેન્ટના આયોજન માટે પ્લેસમેન્ટ સેલના વડા પ્રો.પાર્થ રાવલે તેમની ટીમ સાથે મળીને સફળ પ્રયત્નો કર્યા હતા. ટ્રસ્ટી શ્રી ભરતસિંહ વાઘેલા, ડાયરેક્ટર પ્રો. રવિકુમાર અને પ્રિન્સીપાલ પ્રો.ખાલિદ સિદ્દીકી અને પ્લેસમેન્ટ સેલ પસંદ કરેલા તમામ ઉમેદવારોને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે અભિનંદન પાઠવ્યા હતા.

# નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં શિક્ષકોની ભૂમિકા અંગે કામધેનુ યુનિવર્સિટીમાં વેબીનાર યોજાયો

ગાંધીનગર, તા.૬

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સંદર્ભે જનજાગૃતિ ફેલાવવામાં શિક્ષકોની ભૂમિકા અંગે ગાંધીનગર ખાતેની કામધેનુ યુનિવર્સિટી ભારતીય શિક્ષણ મંડળ તથા નીતિ આયોગના સંયુકત ઉપક્રમે તાજેતરમાં વેબીનાર યોજાયો હતો. વેબીનારમાં સંસ્થાના અનુસ્નાક વિદ્યાશાખાધ્યક્ષ ડૉ. ડી.બી. પાટીલે પ્રસ્તાવના રજૂ કરી હતી. વેબીનારમાં વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. પી.એચ. વાટલીયાએ ભારતમાં ગ્રોસ એજયુકેશન રેશિયો ૨૬ ટકા હોવા અંગે ચિંતા વ્યકત કરતા તેને ૫૦ ટકા સુધી લઈ જવાનું લક્ષ્ય રાખવા કાર્ય કરવાની જરૂરિયાતના મહત્વ અંગે વાત કરી હતી.

વેબીનારમાં મુખ્ય વકતાઓમાં ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટીચર એજયુકેશનના સહપ્રાધ્યાપક ડૉ. દીપ ત્રિવેદી, ભગવાન મહાવીર કોલેજ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના મદદનીશ પ્રાધ્યાપક ડૉ. મયંક ચાંપાનેરીયા અને પારલ યુનિવર્સિટીના સહપ્રાધ્યાપક ડૉ. રૂચિ તિવારી હતા.

કુલપતિ ડૉ. એન.એચ. કેલાવાલાએ તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે નાલંદા, તક્ષશિલાના ઉદારણો ટાંકી ભારતમાં શૈક્ષણિક સમૃધ્ધિ હોવાનું જણાવી, વિદ્યાર્થીને પ્રેરણા આપવા, યુવાનોમાં સંશોધન ક્ષેત્રે ઉત્સુકતા લાવવા, રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં શિક્ષકો તેમની ઉચ્ચ ભૂમિકા ભજવી શકે છે.

સત્રના અંતમાં ટ્રેક લીડર્સ ડૉ. એચ.સી. ચૌહાણ, ડૉ. એમ.એન. બ્રહ્મભટ્ટ, ડૉ.જેબી. ઉપાધ્યાય, ડૉ. સી.વી. સાવલીયા તથા ડૉ. એલ.એમ. સોરઠીયાએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પડકારો અને પ્રતિક્રિયા ઉપર ચર્ચા કરી હતી. જેનો સંક્ષિપ્ત રૂપે નિષ્કર્ષ વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. પી.એચ. વાટલીયા દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.